આઇસીડીએસ યોજના અંતર્ગત જિલ્લા અને ઘટક કચેરીઓની વર્ગ-૩ની
કુલ-૨૦૪ જગ્યાઓ આઉટસોર્સીંગથી ભરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2023/0588/B1 Branch

સચિવાલય, ગાંધીનગર

<u>વંચાણે લીધા:</u>

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના તા.૨૪/૦૩/૨૦૨૩, તા.૧૧/૦૯/૨૦૨૩, તા.૨૧/૧૦/૨૦૨૩ અને તા.૦૫/૧૨/૨૦૨૩ નો પત્ર ક્રમાંક: મકમ-૫/ આઈસીડીએસ/નવી જગ્યા માટે આ.સો.ની મંજુરી ૨૨-૨૩/વશી

<u>// ઠરાવ //</u>

સંદર્ભ-૧ થી કમિશ્નરશ્રી (આઇસીડીએસ)ની કચેરી દ્વારા કરેલ દરખાસ્ત અન્વયે જિલ્લા અને ઘટક કક્ષાની નિયમિત પગારધોરણની વર્ગ-૩ની કુલ-૨૦૪ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવા માટે મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત મંજુર થયેલ નીચે દર્શાવેલ પત્રક તેમજ આ સાથે સામેલ એનેક્ષર-૧ મુજબની જિલ્લા/મહાનગરપાલિકા કક્ષાની ૩૧ ખાલી જગ્યાઓ અને એનેક્ષર-૨ મુજબની ઘટક કક્ષાની ૧૭૩ ખાલી જગ્યાઓ એમ મળીને કુલ-૨૦૪ ખાલી જગ્યાઓની સેવાઓ નિયમિત ઉમેદવારો ઉપલબ્ધ થાય અથવા ૧૧ માસ તે બેમાંથી જે વહેલુ હોય ત્યાં સુધી આઉટસોર્સથી મેળવવાની નીચે દર્શાવેલ શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | આઉટસોર્સથી ભરવાની જગ્યાનું નામ | જિલ્લા/મહાનગરપાલિકા સેલમાં ખાલી જગ્યાઓ | ઘટક કક્ષાની ખાલી જગ્યાઓ | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧ | કચેરી અધિક્ષક | ૧૧ | --- | ૧૧ |
| ૨ | આંકડા મદદનીશ | ૦૩ | ૨૫ | ૨૮ |
| ૩ | હિસાબનીશ | ૦૭ | --- | ૦૭ |
| ૪ | જુ.ક્લાર્ક | ૧૦ | ૧૪૮ | ૧૫૮ |
| **કુલ** | | **૩૧** | **૧૭૩** | **૨૦૪** |

<u>શરતો:</u>

1. આ ખાલી જગ્યાઓ પર નિયમિત ભરતીથી ઉમેદવાર મળે અથવા અગિયાર માસ માટે એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી આઉટસોર્સથી સેવાઓ મેળવવાની રહેશે.
2. આ જગ્યાઓ પર નિયમિત ભરતીથી નિમણૂક થાય ત્યારે અગિયાર માસના આઉટસોર્સના કર્મચારીઓને છુટા કરવાના રહેશે.
3. ૧૧ માસ બાદ આ જગ્યાઓની સેવા ચાલુ રાખવા વિભાગની મંજુરી મેળવવાની રહેશે.
4. પ્રોગ્રામ અધિકારીશ્રી દ્વારા આ ખાલી જગ્યાઓ નિયમિત ભરતીથી ભરવા વિકાસ કમિશ્નરશ્રીની કચેરીને માંગણાપત્રકો મોકલવાના રહેશે જેનું નિયામકશ્રીની કચેરી દ્વારા મોનીટરીંગ કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સચિવશ્રીની તા.૧૬/૦૪/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામ,

કૃણાલ હિંગુ

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

1. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
3. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી જિલ્લા પંચાયત કચેરી, જિ.
4. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ................
5. વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
6. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) જિલ્લા પંચાયત કચેરી, જિ.
7. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) , મ્યુનિસિપલ કોર્પોરેશન, ...........
8. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
10. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
11. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. - વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
12. શાખા સિલેક્ટ ફાઇલ